# પોષક તત્વોથી ભરપૂર શિંગોડાનું માર્કેટમાં આગમન

## શિંગોડામાં રહેલા આયુર્વૈદિક ગુણ સ્વાસ્થ્ય માટે લાભદાયી

ગાંધીનગર, તા. ૨૧

શિયાળાની ઋતુમાં બજારોમાં ઘણા મોસમી ફળો અને શાકભાજી સરળતાથી મળી રહે છે, તેમાંથી એક શિંગોડા પણ છે. શહેરના બજારોમાં શિંગોડાની લારીઓ જોવા મળી રહી છે. જેનો ભાવ ૪૦ રૂપિયે અઢીસો અને ૧૪૦ રૂપિયે કિલો ચાલી રહ્યો છે. શહેરના બજારો ઉપરાંત ફૂટપાથ ઉપર પણ શિંગોડાની લારીઓ જોવા મળી રહી છે. જેમાં વેપારીઓ દ્વારા શિંગોડાને સુંદર રીતે કાપીને ગોઠવીને મુકવામાં આવે છે. શિયાળાની સિજનમાં સરળતાથી શિંગોડા મળી રહે છે.



શિયાળાની સિઝન આવતાની સાથે માર્કેટમાં શિંગોડાની ભરમાર જોવા મળે છે. કાળા અને લીલા રંગના શિંગોડા જોઈને તેને ખાવા માટે મન લલચાઈ જાય છે. શિંગોડામાં અનેક ઔષધિય ગુણો રહેલા છે. જે બીમારીથી બચાવે છે. શિંગોડામાં કેલ્શિયમ, વિટામીન બી-૬, મેગ્નેશિયમ, પોટેશિયમ, કોપર જેવા પોષકતત્વો હોય છે. તથા વ્રત વખતે શિંગોડાના લોટની વાનગીઓ પણ બનાવવામાં આવે છે. એટલે કે ફરાળમાં પણ ઉપયોગી છે. શિંગોડામાં રહેલા આયુર્વૈદિક ગુણ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

શિંગોડા પાણીમાં ઉગતી વનસ્પતિનું એક ત્રિકોણ આકાર ધરાવતું ફળ છે. આ વનસ્પતિનો છોડ પાણીમાં તરતો રહેતો હોય છે અને ફળ પાણીમાં ડુબેલા રહેતા તેના મૂળ પર લાગે છે. આ ફળના શીર્ષના ભાગ પર શિંગોડાની જેમ બે કાંટા હોય છે જેના કારણે તેને શિંગોડા કહેવામાં આવે છે. ચીની ખોરાક માટે આ ફળ એક અભિન્ન અંગ ગણાય છે. શિયાળામાં શિંગોડા ખૂબ જ લોકપ્રિય ખાદ્યપદાર્થ છે. કુરકુરા અને રસીલા શિંગોડા ભારતીય સુપરફૂડ ગણાય છે.



શિંગોડાનું પોષણ મૂલ્ય જોઈએ તો પ્રતિ ૧૦૦ ગ્રામ તેમાં ૪૮.૨ ગ્રામ પાણી, ૩.૪ ગ્રામ પ્રોટીન, ૦.૨ ગ્રામ ફેટ, ૩૨.૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩.૩ ગ્રામ શર્કરા, ૭૩૦ કેલરી, ૧૪.૯ ગ્રામ ડાયતેરી ફાઈબર, ૧૭.૬ ગ્રામ કેલ્શિયમ, ૦૪ ગ્રામ ઝીંક, ૦.૭ ગ્રામ આયર્ન, ૦.૮ ગ્રામ સોડિયમ, ૪૬૮ મિલિગ્રામ પોટેશિયમ હોય છે.

### શિંગોડાના ફાયદા

- શિંગોડામાં આયોડીન ભરપૂર માત્રામાં હોય છે. તેનાથી ગળા સંબંધી રોગથી રક્ષણ મળે છે. આ ઉપરાંત તેમાં મળતા પોલ્ટિફેનલ્સ અને ફલેવોનોઈડ જેવા એન્ટી ઓક્સિડેંટ એન્ટી વાયરલ, એન્ટી બેક્ટેરિયલ, એન્ટી કેન્સર અને એન્ટી ફંગલ ફૂડ માનવામાં આવે છે.
- શરીરના બ્લડ સરક્યુલેશન માટે શિંગોડા શ્રેષ્ઠ માનવામાં આવે છે.
- થાઈરોઈડ જેવી બિમારીઓમાં શિંગોડાનું સેવન રામબાણ સાબિત થઈ શકે છે.
- શિંગોડામાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે જે હાડકાને તંદુરસ્ત રાખવાનું કામ કરે છે.
- શિયાળામાં શિંગોડાના નિયમિત સેવનથી ઓસ્ટોપરોસિસ અથવા આર્થરાઈટિસની તકલીફ થતી નથી. હાડકા ઉપરાંત દાંત અને આંખો માટે પણ ફાયદાકારક છે.
- અસ્થામાના રોગી માટે શિંગોડા ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડા નિયમિત રીતે ખાવાથી શ્વાસ સંબંધી સમસ્યાઓમાં આરામ મળે છે.
- ગળામાં ખરાશ કે કાકડાનો સોજો થતો હોય તો શિંગોડાને બાફીને ખાવા જોઈએ તથા શિંગોડાનો લોટ દૂધમાં ભેળવી પીવાથી પણ ગળાની સમસ્યામાં ફાયદો થાય છે.



ડ્રાયફ્રૂટ એટલે એનર્જીનું પાવર હાઉસ. બધા જ પ્રકારના વિટામીન્સ અને મિનરલ્સથી ડ્રાયફ્રૂટ ભરપૂર હોય છે. શિયાળામાં ડ્રાયફ્રૂટની ખૂબ માંગ રહે છે. જો કે તેનો ભાવ ખૂબ વધારે હોવાથી દરેકને તે પરવડે તેમ નથી. શિયાળો શરૂ થયો છે ત્યારે ડ્રાયફ્રૂટનું વેચાણ વધ્યુ છે. ડ્રાયફ્રૂટ્સ વેચતા ફેરીયાઓ શહેરમાં જોવા મળી રહ્યા છે. કાજુ, બદામ, દ્રાક્ષ અને અંજીર જેવા સુકામેવાનું વેચાણ કરતા ફેરીયાઓ શહેરમાં જોવા મળી રહ્યા છે.

# વાવોલ આંગન રેસીડેન્સીમાં તસ્કરોનો હાથફેરો : ૧.૮૪ લાખની ચોરી

## પરિવાર અજમેર ગયો અને વાવોલ ઘરમાં તસ્કરો ત્રાટક્યા, સોના-ચાંદીના દાગીના, ઘડીયાળ અને રોકડ ઉઠાવી ફરાર

ગાંધીનગર, તા.૨૧

વાવોલ આંગન રેસીડેન્સી આર-૧૮ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના, રોકડ અને ઘડીયાળ મળી કુલ રૂ.૧.૮૪ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવાર અજમેર ગયો હતો, તે સમયે બારીમાંથી હાથ નાંખી પાછળનો દરવાજો ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં રહેલા સામાન વેર વિખેર કરી કિંમતી ચીજવસ્તુઓ લઈ ચોર ઈસમો ભાગી ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ અમદાવાદ વટવા અમનસીટી મ.નં. ડી.૧૦૫ ખાતે રહેતા સમીરખાન યુસુફખાન પઠાણી (ઉં.૩૨) ઈલેક્ટ્રીશીયન તરીકે છુટક મજુરી કામ કરીને પરિવારનુ ગુજરાન ચલાવે છે. જયારે વાવોલ આંગન રેસીડેન્સી ખાતે એક માસ પહેલા જ ભાડે રહેવા માટે આવ્યા છે. ગત તા.૧૮ નવેમ્બરના રોજ રાત્રીના ૧૦ વાગ્યના અરસામાં સમીરખાન પરિવાર સાથે અજમેર દરગાહ ખાતે ગયા હતા. જયારે વહેલી સવારે તેઓ ઘરે પરત આવ્યા હતા. તે સમયે સોસાયટીના સિક્યુરીટી ગાર્ડ એ જણાવ્યું કે રાત્રીના ૨ વાગે હું રાઉન્ડમાં ગયો હતો. તે સમયે તમારા ઘરના પાછળનો દરવાજો ખુલ્લો હતો. તો તમે દરવાજો બંધ કરવાનું ભુલી ગયા હતા કે શું ? જેથી ગાર્ડને સમીરખાને દરવાજો બંધ કરીને ગયા હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ઘરના મુખ્ય દરવાજાનું લોક ખોલી અંદર પ્રવેશ કરીને જોયુ તો બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો. તમામ સામાન રૂમમાં વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. ત્યારબાદ બેગમાં મુકેલો સામાન ચેક કરતા ચોરસ આકારની ડાયમંડની બંગડી નંગ-૪ કિં.૪૦ હજાર, પ્લેટીનીયમની ડાયમંડવાળી અંગુઠી નંગ-૧ કિં.૧૮ હજાર, સોનાની અડધા ગ્રામની કાનની રીંગ કિં.૨૫૦૦, સોનાની ચુનીઓ નંગ-૩૩ કિં.૧૨,૫૦૦, ચાંદીની પાયલ રૂ.૩ હાજરની ચાંદીની ગગુઠી નંગ-૬ કિં.૩ હજાર, રૂ.૫૫ હજારની કિંમતની ઘડીયાળ સહિત વિવિધ પર્સમાં મુકેલા રૂ.૫૦ રોકડ મળી કુલ રૂ.૧.૮૪ લાખ મત્તાની ચોરી થઈ છે. ચોરીને પગલે સ્થાનિક વસાહતીઓમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો છે.બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### રાંધેજા કૃષ્ણનગરમાં ઘર પાસેથી બાઈક ચોરાયું

રાંધેજા કૃષ્ણનગર ખાતે રહેતા અર્જુનજી પ્રતાપજી લખવારા પોતાના પરિવાર સાથે રહે છે.જયારે અર્જુનજી ખાત્રજ અરવિંદ મીલમાં નોકરી કરે છે. નોકરી આવન જાવન માટે તેઓ જી.જે.ત૧૮.સી.પી.-૬૬૯૩ બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૯ ના રોજ સાંજના સાત વાગે બાઈક ઘર પાસે પાર્ક કર્યુ હતું.જયારે આ બાઈક રાત્રીના ૧૧.૩૦ કલાક સુધી જોવા પણ મળ્યું હતું. જયારે સવારે ૮ વાગે જોયુ તો ઘર પાસે પાર્ક કરેલુ બાઈક ગાયબ હતું. જેથી અર્જુનજીએ બાઈક અંગે આસપાસના વિસ્તાર તેમજ ગામમાં તપાસ કરી હતી.પરંતુ બાઈકનો ક્યાંક પત્તો લાગ્યો ન હતો. પેથાપુર પોલીસ મથકે રૂ.૨૦ હજારના હીરો હોન્ડા બાઈકની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

# અડાલજ માણેકબા સ્કુલ પાસે મા દિકરાઓ પર પાડોશીનો ઘાતકી હુમલો

ગાંધીનગર,તા.૨૧

અડાલજ માણેકબા સ્કુલ સામે છાપરામાં રહેતા બે પરિવારો વચ્ચે સામાન્ય બાબતે માથાકુટ થઈ હતી. આ બોલાચાલીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા મા-દિકરાઓ પર પાડોશી પરિવાર લાકડાના ધોકા, કુહાડી, લોખંડની પાઈપ લઈને તુટી પડી ગડદા-પાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. તે ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપતા દાડમબેન પટ્ટણીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

અડાલજ માણેકબા સ્કુલ સામે છાપરામાં રહેતા દાડમબેન ગોવિંદભાઈ પટ્ટણી પરિવાર સાથે રહે છે અને ઘરકામ તેમજ ફ્રુટની લારી ચલાવે છે. ગત તા.૨૦ ના રોજ સવારના અગીયાર વાગ્યાના અરસામાં ફરીયાદી તેમજ તેમના દિકરાઓ વિજય અને મેહુલ ઘરે હાજર હતા. તે સમયે બાજુમાં રહેતા રમેશ પટ્ટણી, તેમની પત્ની ચંદા પટ્ટણી, રાકેશ પટ્ટણી અને ભરત પટ્ટણી આવ્યા હતા. તેઓએ ફરીયાદીને રાત્રીના સમયે ફ્રુટનો ભાવ ઓછો લો તેમ કહી અમારી સાથે ઝઘડો કર્યો હતો. તેમ કહી ઉશ્કેરાઈ જઈને ગાળો બોલીને ગડદા-પાટુનો મુઢમાર મારવા લાગ્યા હતા.ત્યારબાદ ઘરે જઈને તેઓ ઘાતક હથીયારો સાથે લઈને આવ્યા હતા. જેમાં રાકેશે વિજયને કુહાડી મારતા તે નમી જતા ઉંધી કુહાડી માથાના ભાગે વાગી હતી. જયારે ભરતે મેહુલને છાતીના ભાગે લોખંડની પાઈપ મારી હતી અને રમેશે લોખંડની પાઈપ મારતા જતા દાડમબેન નીચે નમી જતા માથાના ભાગે પાઈપ વાગતા ઈજા પહોંચી હતી. જયારે ચંદા પટ્ટણીએ દાડમબેનને બરડાના ભાગે લાકડાનો ધોકો માર્યો હતો. હોબાળો થતા આસપાસના વ્યકિતઓ દોડી આવતા આ ચારેય જણા જતા જતા તમો બધા બચી ગયા છો હવે એકલ દોકલ મળશો તો જીવતા નહી રહેવા દઈએ તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. જયારે ઈજાગ્રસ્તોને સારવાર માટે અડાલજ લઈ જવાયા હતા.જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ચાર જણા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે શ્રદ્ધાંજલિ દિવસની ઉજવણી પાટનગરમાં ટ્રાફિક અવેરનેસને લઈ કરવામાં આવી હતી.
- ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા વકરી રહી છે આજે ૧૭-૨૨ થી ચ-૫ જતા માર્ગ પર એક ગાય દોડતાં રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. રિક્ષાચાલકને ઈજાઓ પહોંચી હતી. વસાહતીઓએ ૧૦૮ બોલાવી ચાલકને હોસ્પિટલ પહોંચાડ્યો હતો.
- ગુજરાત યુવક કોંગ્રેસની ચૂંટણીનું પરિણામ ૨૨મી નવેમ્બરના રોજ જાહેર થશે.
- જિલ્લાના મદદનીશ ખેતી નિયામક અનીશભાઈ ભટ્ટના પિતા બળવંતરાય ભટ્ટનું મુ. રાસલોડ, તા. પ્રાંતિજ ખાતે દુઃખદ અવસાન થયુ છે.
- અખિલ ભારતીય વિધાનમંડળોના પ્રમુખ અધિકારીઓની સ્ટેન્ડીંગ કમિટીમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યને સ્થાન મળ્યુ છે.
- આસુદેવ મહાદેવ જામળા તા. કલોલ ખાતે સમસ્ત નાયક સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા આજે ૧૦૦ બટુકોનો સમૂહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજાયો હતો.
- કોરોના બાદ બદલાયેલી શિક્ષણ વ્યવસ્થા બાદ હવે ગુજરાત યુનિ.એ પીજીના વિદ્યાર્થીઓ માટે ઓન ડિમાન્ડ પરીક્ષાનો વિકલ્પ આપવાનો નિર્ણય કર્યો છે.
- ગાંધીનગરમાં લગ્નસરાની મોસમ બરાબર જામી છે. રંગમંચો તેમજ પાર્ટી પ્લોટ ફુલ થઈ ગયા છે.
- ગાંધીનગર જિલ્લામાં રવિસીઝનનું વાવેતર ૨૦ હજાર હેક્ટર થયુ છે. રાઈ, તમાકુ, ચણા, મકાઈના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.
- રાજ્ય સરકારે ખેડૂતોને મોબાઈલ ખરીદી પર ૧૦ ટકા સુધીની સહાય આપવાનો નિર્ણય કરતો પરિપત્ર કર્યો છે.



શહેરના ઘ-૨ પાસે સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાડાએ દેવ દિવાળી નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના ભાઈ-બહેનોને ૫ હજાર સોડા ફ્રી પીવડાવવામાં આવી હતી. ઘ-૨ પાસે રાજ જયસ્વાલ, મયુર સોલંકી તેમજ કુડાસણ વિશાલ સુપર માર્કેટની પાસે મહેન્દ્રકાકા દ્વારા સોડા ફ્રી આપવામાં આવી હતી.

# ૧૮૧ ટીમ દ્વારા અસ્થિર મગજની મહિલાનું પરિવાર સાથે મિલન

ગાંધીનગર,તા.૨૧

શહેરના માર્ગો અને સેકટરોમાં પાંચ દિવસ સુધી આંટાફેરા મારતી અસ્થિર મગજની મહિલા નજરે પડતી હતી. પરંતુ કોઈ નાગરીકનું ધ્યાન આ મહિલા તરફ ગયુ ન હતું. પરંતુ ૧૮૧ ની ટીમને આ મહિલા અંગે જાણ થતા જ તાત્કાલીક આવી પહોંચીને મહિલા સાથે વાતચીત કરીને સરભરા બાદ સુરત ખાતે રહેતા પતિ સાથે મેળાપ કરાવી ટીમે સરાહનીય કામગીરી કરી છે.

મળતી વિગત મુજબ શહેરના માર્ગો પર પાંચ દિવસથી એક મહિલા આમ થી તેમ ભટકી રહી હતી. આખા દિવસના રઝટપાટ બાદ જે કંઈ પણ ખાવાનુ મળે તે ખાઈ લીધા બાદ શિયાળાની ઠંડીમાં ટુંટીયુ વાળીને સુઈ જતી હતી.પરંતુ તે મહિલા સાંજ ઢળતા જ એક ચોક્કસ જગ્યાએ આશરો મેળવવા માટે આવી જતી હતી. જેથી મહિલાને જોઈને કોઈએ ૧૮૧ ટીમને કોલ કરીને માહિતી આપી હતી.

હેલ્પ લાઈનના કાઉન્સિલર ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. સામાન્ય વાતચીત કર્યા પછી મહિલા માનસીક રીતે અસ્થિર મગજની હોવાનું લાગ્યું હતું. પરંતુ મહિલા વાતચીતમાં સુરત તેમજ તળાજા શબ્દનો ઉપયોગ કર્યા કરતી હતી. ત્યારબાદ અભયમની ટીમે સુરતના તળાજા ગામના ઉડવી ગામના સરપંચનો સંપર્ક સાધ્યો હતો. જેથી મહિલા ઉડવી ગામની હોવાનુ સામે આવ્યું હતું. ત્યારબાદ મહિલાને તેના પતિ સાથે સુખદ મેળાપ કરાવ્યો હતો. જયારે અસ્થિર મગજની મહિલા વારંવાર ઘર છોડીને જતી રહેતી હોવાનું સામે આવ્યું હતું. જયારે મહિલાના પતિએ ૧૮૧ અભયમની ટીમનો આભાર વ્યકત કર્યો હતો.







વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી સામે લડી રહ્યુ છે. આવા સમયમાં શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકો સમાજને નવી રાહ ચીંધી રહ્યા છે. યુથ ફોર યુનિવર્સલ ઓફ વોલન્ટ્રી એક્શન (યુવા) ગ્રુપ દ્વારા સમાજમાં વિભિન્ન ક્ષેત્રમાં બેહતર કામગીરી કરનારાઓને એવોર્ડ આપી સન્માન કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગીતાબેન લહેરચંદ વાઘેલાનુ યુવા સંસ્થા દ્વારા એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.

# આખરે ૩૨ પાકિસ્તાની હિંદુઓની ૭ વર્ષની તપસ્યાનો અંત આવ્યો

અમદાવાદ જિલ્લા કલેક્ટર સંદીપ સાગલે દ્વારા આજે ૩૨ પાકિસ્તાની લઘુમતી ધરાવતા હિન્દુઓને નાગરિકતા પત્ર એનાયત કરવામા આવ્યા હતા. આ ૩૨ પાકિસ્તાની હિંદુઓ છેલ્લા ૭ વર્ષથી અમદાવાદમાં સ્થાયી હતા. નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે. નવા ૧૮ પાકિસ્તાની હિન્દુઓની નાગરિકતા માટેનું અરજીપત્રક સ્વીકારીને આગામી નાગરીકતા પ્રક્રિયા માટે એનાયત કરવામાં આવ્યું હતું.

રાજ્ય અને કેન્દ્રની આઇ.બી. ટીમ દ્વારા યોગ્ય ચકાસણી થયા બાદ તેઓને સ્વીકાર પત્ર એનાયત કરવામાં આવે છે. જેને આધારે બાકીના નિયમોનુસાર જરૂરી પૂરાવા રજૂ કર્યા બાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આખરી નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

# રાયપુર પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

દહેગામ-નરોડા હાઈ-વે માર્ગ પર રાયપુર પાટીયા નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલક નીચે પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. બાઈક ચાલકને તાત્કાલીક ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન વહેલી સવારે બાઈક ચાલકનું મૃત્યું થયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મખાલીયા ગામના વતની અરવિંદ અભેસિંહ બારીયાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ ૬ ભાઈ બહેન છે. જયારે તેમના ભાઈ રમેશભાઈ અમદાવાદ રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા અમરાઈવાડી ખાતે આવેલી વનરાજ શોપ ફેકટરીમાં નોકરી કરતા હતા અને ત્યાં જ રહેતા હતા. રમેશભાઈ બાઈક નં. જી.જે.૧૮.ક્યું-૫૪૧૫ લઈને ભાથીજી મહારાજના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. તે દરમિયાન દહેગામ-નરોડા હાઈ વે પર રાયપુર ગામના પાટીયા ખારી નદીના બ્રીજ પાસે સાંજના સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રમેશભાઈને માથાના અને શરીરે ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તને સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. બનાવની જાણ થતા ઈજાગ્રસ્તના સસરા, સાઢુ તેમજ પરિવારના સભ્યો અમદાવાદ સિવિલ દોડી આવ્યા હતા. સિવિલ ખાતે રમેશભાઈની સારવાર ચાલી રહી હતી તે દરમિયાન તેઓનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે અરવિંદભાઈ બારીયાએ ડભોડા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.







## શહેરના ચ-૦ ખાતે વિશ્વ શ્રધ્ધાંજલિ દિવસની ઉજવણી કરાઈ

શહેરના ચ-૦ સર્કલ ખાતે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ, આરટીઓ, ૧૦૮ સ્ટાફના કર્મચારીઓ, તેમજ શહેરની સામાજીક સંસ્થાઓ અને શહેર વસાહત મંડળના હોદેદારો ઉપસ્થિતિમાં વિશ્વ શ્રધ્ધાંજલિ દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિશ્વ શ્રધ્ધાંજલિ દિન નિમિતે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર નાગરીકો માટે બે મીનીટનું મૌન પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરના માર્ગો પરથી પસાર થતા વાહન ચાલકોમાં ટ્રાફિક અંગે જાગૃતતા આવે તેવા ઉમદા આશયથી વાહન ચાલકોને પેમ્ફલેટ, પેન અને સ્ટીકરો વિતરણ કરવામાં આવ્યા હતા.